# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સૂકા ઘાસચારાનો ભાવ ઉંચકાયો

## પશુપાલકો, માલધારીઓને હૈયાહોળી



### પરોઢથી જિલ્લા બહાર ઠલવાતો ઘાસચારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

ચોમાસુ નજીકમાં છે પરંતુ તે પૂર્વે પશુપાલકો અને માલધારીઓ માટે સૂકા ઘાસચારાના ઉંચકાતા ભાવથી હૈયાહોળી જેવી સ્થિતિ છે. પરોઢથી જિલ્લા બહાર વાહનોમાં સૂકો ઘાસચારો ભરી અન્ય જિલ્લામાં રવાના થઈ રહ્યો છે. ચોમાસુ નિયમિત છે પરંતુ જો કોઈપણ કારણોસર ચોમાસુ એક મહિનો વિલંબમાં આવે તો પશુપાલકોને મૂંગા પશુઓ સાથે ઘાસચારા માટે હિજરત કરવાની નોબત આવી શકે છે.

મોંઘવારીએ પેટ્રોલ, ડીઝલથી માંડી માંદગીના બિછાને પડેલા દર્દીઓને પણ દવાના ભાવમાં વધારાથી દઝાડ્યા છે. રોજ સવાર પડે જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં થઈ રહેલા વધારાના કારણે ગરીબ વર્ગ મોટાપાયે તબાહ થઈ ગયો છે. મધ્યમ વર્ગ ભલે ઉપરથી વધુ સશક્ત જણાતો હોય પરંતુ અંદરખાને મોંઘવારીના મારથી મધ્યમ વર્ગ પણ મોટાપાયે તબાહ થયો છે. કોરોનાના કારણે મોટાભાગના ધંધા-રોજગાર ઠપ્પ થઈ જતાં શ્રીમંતો પણ કરકસર કરતા થયા છે અને હવે વાત પશુપાલકોની.

સાબરડેરી દ્વારા પશુપાલકોને સારો દૂધ ભાવ ફેર આપવાનો નિર્ણય કર્યો તે આવકારદાયક છે પરંતુ સાબરડેરીની પ્રગતિ પશુપાલકો અને માલધારીઓ ઉપર નિર્ભર છે. જિલ્લાના ૩ લાખથી વધુ પશુપાલકો મોટાભાગે સાબરડેરી સંલગ્ન દૂધ મંડળીઓમાં દૂધ ભરીને આર્થિક રીતે સદ્ધર થયા છે પરંતુ અત્યારે સ્થિતિ એવી છે કે સૂકા ઘાસચારાનો ભાવ એકાએક ઉંચકાયો છે. અગાઉ તાઉતે વાવાઝોડાના કારણે સૂકો ઘાસચારો ભીંજાઈ ગયા પછી મૂંગા પશુઓ માટે ઘાસચારાની સ્થિતિ અત્યંત વિકટ બની છે. તેમાં હવે અન્ય જિલ્લામાં સૂકો ઘાસચારો રવાના થતો હોવાથી આવનારા દિવસોમાં જિલ્લાના મૂંગા પશુધન માટે ઘાસચારાની અછત ઉભી થવાની શક્યતા છે. આ સંજોગોમાં સાબરડેરીએ ખુબ જ સસ્તા ભાવે ઘાસચારાનું વિતરણ શરૂ કરવું જોઈએ જેથી પશુપાલકો, માલધારીઓ ઘાસચારાના ભાવથી જે દાઝી રહ્યા છે તેમાં તેમને આંશિક ઠંડક મળી રહે.

# અપહરણ કેસમાં નવો વળાંક : રાયાવાડાની યુવતી સાથે પૂંજારીએ લગ્ન કર્યાનો ઘટસ્ફોટ

## અપહરણની ફરિયાદ પછી પૂંજારીએ લગ્ન પ્રમાણપત્ર રજૂ કર્યું

મેઘરજ તાલુકાના રાયાવાડા ગામના ચકચારી અપહરણ કેસમાં નવો વળાંક આવ્યો છે. પૂંજારી કિશન રાજેન્દ્રભાઈ પૂરોહીતે બદઈરાદા સાથે યુવતીનું અપહરણ કર્યું હોવાની ફરિયાદ મેઘરજ પોલીસે દાખલ કર્યા પછી લગ્ન કર્યાનો ઘટસ્ફોટ થયો છે. અપહરણના કિસ્સામાં પોલીસ ધરપકડ કરે તે અગાઉ પૂંજારીએ યુવતી સાથે તા.૧ એપ્રિલ-૨૦૨૧ ના રોજ કઠલાલ નજીકના એક ગામમાં લગ્ન રજીસ્ટર કરાવ્યાનું પ્રમાપત્ર પોલીસ સ્ટેશનમાં રજૂ કરતાં અપહરણનો કિસ્સો વધુ ગુંચવાયો છે.

જિલ્લામાં યુવતીઓના અપહરણની મોસમ ખીલી છે. રોજ કોઈને કોઈ પોલીસ સ્ટેશને અપહરણનો બનાવ અચૂક નોંધાતો હોય છે જેથી પોલીસ ગોથે ચઢી છે. કેટલાક કિસ્સાઓમાં પ્રેમ પ્રકરણનું કારણ તપાસમાં ખૂલતું હોય છે પરંતુ મેઘરજ તાલુકાના રાયાવાડા ગામે અપહરણ પછી મંદિરના પૂંજારીએ યુવતી સાથે લગ્ન કર્યાની વિગતો સામે આવતાં પોલીસ ઉંધા માથે થઈ છે. તાજેતરમાં રાયાવાડા ગામની ૧૯ વર્ષ ૯ માસની યુવતીનું મંદિરના પૂંજારી કિશન પૂરોહીતે અપહરણ કર્યાની ફરિયાદ મેઘરજ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. જેમાં પોલીસે ઈ.પી.કો. કલમ-૩૬૬, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબ કુલ-૩ ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસ દ્વારા અપહરણની તપાસ શરૂ થાય તે અગાઉ જ અપહરણના કિસ્સામાં લગ્નનું પ્રકરણ ઉમેરાયું છે. પૂંજારીએ કઠલાલ નજીકની અરાલ ગ્રામ પંચાયતમાં લગ્ન રજીસ્ટર કરાવ્યું હોવાનું પ્રમાણપત્ર પોલીસને સુપ્રત કર્યું છે જેથી અપહરણનો કિસ્સો વધુ પેચીદો બન્યો છે. પૂંજારીએ અપહરણ કર્યા પછી કાયદેસરના લગ્ન રજીસ્ટર કરાવ્યાં છે કે પછી અન્ય ઈસમોની મદદગારીથી લગ્નના બોગસ દસ્તાવેજો તો નથી મેળવ્યાને..?? વગેરે સવાલો પોલીસ માટે તપાસનો વિષય બન્યા છે.

## ઈડર તાલુકાના કાનપુર ગોરલ રોડ પર બે બાઈક ટકરતા બેના મોત

ઈડર તા.૧૫

ઈડર તાલુકા ના કાનપુર ગોરલ રોડ પર આવેલ લક્ષ્મણપુરા ગામ જવાના રસ્તા પાસે રાત્રી ના આશરે ૭.૪૫ ના સમયે ખાંટ પૂજાભાઈ અને તેમના પત્ની કૈલાશ બેન અને તેમની નાની પુત્રી બ્રહ્મપુરી પરણાવે મોટી દીકરી ને મળી ગોરલ ગામે પાછા આવતા હતા ત્યારે ગોરલ ગામના પટેલ સતિષભાઈ દેવજીભાઈ પોતાનું પાસે રહેલી બાઈક ફૂલ સ્પીડ ગલ્ફતભરી હંકારી પોતાના પરિવાર સાથે આવતા ખાંટ પૂજાભાઈ ની બાઈક સાથે ટક્કર મારતા પૂજાભાઈ અને સતિષભાઈનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત થયું હતું.

# આતૂરતાનો અંત : ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ ૨૪ જૂને..!!

## ઉત્તર ગુજરાતના ૧.૩૫ લાખ વિદ્યાર્થીઓની પરિણામ ઉપર નજર

બાયડ તા.૧૫

રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા છેલ્લી ઘડીએ કોઈ ફેરફાર ન થાય તો આગામી તા.૨૪ જૂન, ગુરૂવારે ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થઈ શકે છે. આગામી ગુરૂવાર સુધીમાં તમામ શાળાઓને પરિણામ બોર્ડના પોર્ટલ ઉપર મૂકવા માટે આખરી સૂચના આપી દેવામાં આવી છે. બોર્ડના પરિણામમાં તમામ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવશે પરંતુ કેટલાક વિદ્યાર્થીઓમાં માસ પ્રમોશનના કારણે પાસ થવાનો જાજો ઉત્સાહ ન હોવાનું જાણવા મળ્યું છે.

કોરોનાના કારણે ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા મુલત્વી રહી છે. તમામ રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાયા પછી શાળાઓને કેવી રીતે પરિણામ આપવું તેની અલગથી સમજ આપી વિદ્યાર્થીઓનું પરિણામ બોર્ડની નિયત કરાયેલા પોર્ટલ ઉપર અપલોડ કરવા જણાવી દેવામાં આવ્યું હતું. એક રીતે બોર્ડને કરવાની કામગીરી દરેક શાળાઓએ કરી હોવાથી પરિણામ તૈયાર કરવામાં ઘણી સરળતા રહી છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ૪૭ તાલુકાઓની માધ્યમિક શાળાઓએ ધો.૧૦ના વિદ્યાર્થીઓના પરિણામ પોર્ટલ ઉપર અપલોડ કરી આ અંગેની જાણકારી સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને આપી છે તે બધું જોતાં જે વિદ્યાર્થીઓ એકમ કસોટીમાં હાજર ન હતા તેમને કેવી રીતે પાસ કરવા..?? તે મુદ્દે પણ માર્ગદર્શન મળ્યા પછી ખૂટતા ગુણની તૂટ ધ્યાનમાં લઈ પરિણામ જાહેર કરવાનો નિર્ણય કરાયો છે. ધો.૧૦નું પરિણામ ધો.૯ અને ૧૦ની શાળા કક્ષાની પરીક્ષાના આધારે પરિણામ તૈયાર થયું છે તે જોતાં પરિણામ જાહેર થયા પછી અનેક શાળાઓમાં વિખવાદ થવાની પણ દહેશત છે પરંતુ તા.૨૪ જૂનના રોજ બોર્ડ દ્વારા ધો.૧૦ નું પરિણામ બોર્ડની નિર્ધારીત વેબસાઈટ ઉપર જાહેર થઈ જવાની પૂરી સંભાવના છે.

# ટીબી નિયંત્રણ સર્વે : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ટીબીના ૨૭૦૦ દર્દી આરોગ્ય વિભાગની નિગરાનીમાં

## ક્ષય નિયંત્રણ માટે ડોર ટુ ડોર આરોગ્યલક્ષી કામગીરી

બાયડ તા.૧૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના કપરા કાળમાં આરોગ્ય વિભાગ દ્વારા ટીબીના રોગ ઉપર સંપૂર્ણ અંકુશ મૂકવા માટે ડોર ટુ ડોર સર્વે શરૂ કરવામાં આવ્યો છે. બંન્ને જિલ્લામાં હાલની સ્થિતિએ કુલ-૨૭૫૯ ટીબીના રોગી નોંધાયા હોવાથી વિભાગ દ્વારા તેમને નિગરાની હેઠળ રાખી ગામડાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ આશા વર્કરો દ્વારા નિયમિત જરૂરી દવાઓ દર્દીના ઘેર જઈ પૂરી પાડવામાં આવી રહી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે તબક્કાવાર રીતે લૉકડાઉન અપાયું હોવાથી ટીબીના ચેપી રોગ ઉપર મહદઅંશે અંકુશ આવ્યાનું ચિત્ર ઉપસ્યું છે.

રોગચાળો આરોગ્ય વિભાગની અગ્નિ પરીક્ષા લઈ રહ્યો છે. અગાઉ મેલેરીયા, ટાઈફોઈડ, ડેન્ગ્યુ સહિતના રોગ ઉપર નિયંત્રણ લાવવા માટે આરોગ્ય વિભાગને સર્વેલન્સ શરૂ કરવાની ફરજ પડતી હતી પરંતુ કોરોનાના સંક્રમણના કારણે હવે અન્ય વાયરલ બિમારીઓ ઘટી છે અથવા તો કોરાણે મૂકાઈ છે. રાજ્ય સરકાર દ્વારા ટીબીના રોગને સંપૂર્ણ નાથવા માટે આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ સતત પ્રયાસો થઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૮૮ ટીબીના દર્દીઓ નોંધાયા હોવાના કારણે જિલ્લા ક્ષય અધિકારી ડૉ.આશિષ નાયકના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ડોર ટુ ડોર સર્વે શરૂ કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ટીબી રોગના શંકાસ્પદ લક્ષણો જેવા કે બે અઠવાડીયાથી વધુ સમયની ખાંસી, શરીરમાં ઝીણો તાવ, ભૂખ ઓછી લાગવી, વજન ઓછું થવું જેવા લક્ષણો ધરાવતા દર્દીઓ શોધવા માટે ખાસ સર્વેલન્સ શરૂ કરાયું છે. જેમાં તમામ દર્દીઓને વિના મૂલ્યે ટીબીની દવા ઘરે જઈ પહોંચાવામાં આવે છે જેથી ગત વર્ષ કરતાં આ વર્ષે ટીબીના રોગ ઉપર ખાસ્સું નિયંત્રણ આવ્યું છે તે જ રીતે સાબરકાંઠા જિલ્લામાં હાલની સ્થિતિએ ટીબીના ૧૬૭૧ રોગી નોંધાયેલા હોવાના કારણે બંન્ને જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.




## હિંમતનગર સ્વામિનારાયણ મંદિરમાં કોરોના વેક્સિનેશન કેમ્પ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર-હિંમતનગર, આરોગ્ય કચેરીના સંયુક્ત ઉપક્રમે કોરોના વેક્સિનેશન કેમ્પ સ્વામિનારાયણ મંદિર ખાતે શરૂ કરેલ છે. તા.૨૦ જૂન સુધી વેક્સિનેશન કેમ્પ ચાલુ રહેશે. વેક્સિનેશન કેમ્પના પ્રારંભે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજેશ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન પટેલ, નિવૃત્ત ટી.પી.ઓ. સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામીસાધુ મંગલપુરૂષદાસ તથા કૌશલ મૂનિ સ્વામીના આશીર્વાદથી વેક્સિનેશન કેમ્પનો પ્રારંભ થયો. વેક્સિનેશન કેમ્પમાં પ્રથમ દિવસે ૨૦૦ થી વધુ સત્સંગીઓએ વેક્સિનેશનનો લાભ લીધો હતો. ૨૦ જૂન સુધી ચાલનારા કેમ્પમાં ૧૦૦૦થી વધુ લોકોને વેક્સિનેશનથી આવરી લેવાશે.

# ખરીફ સીઝનમાં પળોજણ : જિલ્લામાં ખેતી કામમાં ખેતમજુર મળવા મુશ્કેલ

બાયડ તા.૧૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ ખરીફ ખેતીની તૈયારીઓ શરૂ કરી છે પરંતુ ખરી સીઝનમાં ખેડૂતો માટે પળોજણ શરૂ થઈ છે. બંન્ને જિલ્લામાં હાલ ખેતજુરોની તાતી જરૂરીયાત હોવા છતાં ખેતી કામ માટે મજૂર મળતા ન હોવાથી મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ છે. પંચમહાલ જિલ્લાના ખેતમજૂરો કોરોના કાળમાં સલામતી ખાતર વતનમાં રવાના થયા પછી મોટાભાગના પરત ફર્યા નથી જેથી ખેતમજુરો શોધવા ખેડૂતો દૂર દૂર સુધી ભટકી રહ્યા છે.

ખેતી ક્ષેત્રે અનેક મુશ્કેલીઓનો સામનો ખેડૂતો કરી રહ્યા છે. ખેતીમાં ભેલાણ પછી ખેતમજૂરોનો પ્રશ્ન ખેડૂતો માટે માથાના દુઃખાવારૂપ બની જતો હોય છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘાતક સાબિત થતાં તેના વિપરીત પરિણામો ધંધા-રોજગારો ઉપર તો ઠીક પરંતુ ખેતીને પણ અસર કરતા સાબિત થયા છે. અસંખ્ય ખેતમજૂરો લૉકડાઉન પૂર્વે વતનમાં રવાના થઈ ગયા હોવાના કારણે ખેડૂતોની મુશ્કેલી વધી છે. કોરોનામાં હવે સરકારી ગાઈડલાઈન મુજબ છૂટછાટો આપવામાં આવી છે અને તબક્કાવાર અનલૉકનો અમલ થયો છે પરંતુ પંચમહાલના ખેતમજૂરો હવે પરત મજુરીએ આવવા માટે તૈયાર ન હોવાથી ખેતમજૂરોની અછતે બંન્ને જિલ્લાના ખેડૂતોને વધુ હાલાકીમાં મૂક્યા છે. ચોમાસુ બારણે ટકોરા મારી રહ્યું છે અને આકાશમાં વાદળોના ડેરાતંબુથી ટૂંકમાં જ વાવણીલાયક વરસાદ થઈ શકે છે જેથી વાવેતરની તમામ તૈયારીઓ ખેડૂતોએ પૂરી કરી દીધી છે પરંતુ વાવણી માટે તેમજ અન્ય ખેતરલક્ષી કામગીરી માટે મજૂરો શોધ્યા પણ જડતા નથી. દિવસના રૂા.૩૦૦ મજૂરી ચૂકવવા છતાં કેટલાક વિસ્તારોમાં ખેતમજુર સમયસર મળતા ન હોવાનો બડાપો ખેડૂતો ઠાલવી રહ્યા છે.

# ઈશ્ક મિજાજી : બોલુન્દ્રા ગ્રામ પંચાયતના સેવકની ભૂલ, નોકરી ગુમાવી..!!

## મહિલાને મોબાઈલ નંબર આપ્યા પછી માર પડ્યો

બાયડ તા.૧૫

એક તરફી ઈશ્ક મિજાજમાં કરેલી ઉતાવળ કેટલી ભારે પડે છે..!! અરવલ્લીના બોલુન્દ્રા ગ્રામ પંચાયતના સેવકને મહિલાને મોબાઈલ નંબર આપવા જતાં માર પડ્યો અને નોકરીમાંથી હાથ ધોઈ નાખવા પડે તેવી નોબત આવી છે. બનાવ પછી લોક રોષ ઠારવા સેવકે સ્વયં રાજીનામું ધરી દીધાની ગરમા ગરમ ચર્ચા છે. આવનારા દિવસોમાં આ મામલો વધુ ગરમાય તેવી સંભાવના છે.

ગ્રામ પંચાયત અને દૂધ મંડળીઓમાં મહિલાઓની વધુ પ્રમાણમાં આવન જાવન હોય છે. જેથી સત્તાધિશોએ પણ કેટલાક કર્મચારીઓ ઉપર વોચ રાખવી પડે તે સ્વાભાવિક છે (દરેકને લાગુ પડતું નથી) પરંતુ જ્યારે પ્રેમ પ્રકરણ કે પછી એક તરફી પ્રેમની વિગત બહાર આવે ત્યારે ગામમાં અનેકની નાલેશી થાય.

બન્યું એવું કે મોડાસાની બોલુન્દ્રા ગ્રામ પંચાયતના કર્મચારી રાજુ પી. દરજી ગામની મહિલાને એક તરફી પ્રેમ કરતો હતો તે જ્યાં પણ જોવા મળે તેની સામે ટગર..ટગર જોઈ રહેતો. તાજેતરમાં મહિલા સસ્તા અનાજની દુકાને જઈ રહી હતી ત્યારે સેવકે ખાનગીમાં મોબાઈલ નંબર આપતાં પછી ન થવાનું થયું. મહિલાએ ઘરે આવીને ગ્રામ પંચાયતના સેવકની હરકતનો ચિતાર આપ્યો અને પછી ગરમીમાં સેવકને મન મૂકીને માર પડ્યો. મામલો વધુ ઉગ્ર બનવાની સંભાવના વચ્ચે સેવકને એક રીતે ઈશ્ક મિજાજમાં નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે..!!

### ગ્રામ પંચાયતના સેવકનું સ્વૈચ્છીક રાજીનામું : સરપંચ

બાયડ : બોલુન્દ્રા ગૃપ ગ્રામ પંચાયતના ઈશ્ક મિજાજી સેવકના કારણે સમગ્ર ગામમાં મામલો ગરમાયો છે ત્યારે મહિલા સાથે અશોભનીય હરકત કરનાર સેવકે સ્વૈચ્છીક રાજુનામું ધરી દીધું છે. આ અંગે સરપંચ કિશોરભાઈ બારોટનો સંપર્ક કરતાં તેઓએ વધુ ન કહેતાં પંચાયતના સેવકે સ્વૈચ્છીક રાજીનામું આપ્યાનું જણાવ્યું છે.

# શિક્ષણનો ઘેઘૂર વડલો : તક્ષશિલા વિદ્યાલય બાયડના ૨૨મા સ્થાપના દિનની ઉજવણી

## શૈક્ષણિક સંકુલની સિદ્ધિના યશભાગી કર્મયોગી સ્ટાફનું યાદગાર બહુમાન

બાયડ તા.૧૫

બાયડના તક્ષશિલા વિદ્યા કેમ્પસની સ્થાપનાને તાજેતરમાં યશસ્વી ૨૨ વર્ષ પૂરાં થતાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. શૈક્ષણિક સંકુલ બે દાયકા પછી શિક્ષણનો ઘેઘૂર વડલો બન્યું છે ત્યારે સિદ્ધિના સાચા યશભાગી કર્મયોગી સ્ટાફ હોવાનું જણાવી સંચાલક અતુલભાઈ બી. પટેલ, ડાયરેક્ટર તપન પટેલ અને સ્ટાફ દ્વારા કર્મયોગીઓનું યાદગાર બહુમાન કરવામાં આવ્યું હતું.

કોરોનાનો કપરો કાળ અને શૈક્ષણિક સંસ્થાઓ છેલ્લા ૧૫ મહિનાથી જે સ્થિતિમાંથી પસાર થઈ રહી છે તે સ્થિતિમાં સ્વનિર્ભર શાળા સંચાલકોની કામગીરી અને હિંમતને દાદ આપવી જોઈએ. શાળાઓમાં બાળકો આવતા નથી. વાલીઓ ફી ભરતા નથી ત્યારે પણ સ્વનિર્ભર શાળા સંચાલકોએ તેમના કર્મચારીઓને નિયમિત પગાર આપીને અનેક પરિવારોને સાચા અર્થમાં સધીયારો આપ્યો. આજકાલ કરતાં બાયડના



તક્ષશિલા વિદ્યા કેમ્પસને યશસ્વી ૨૨ વર્ષ પુરા થયા. કોરોનાના કારણે સાદગીપૂર્વક સ્થાપના દિવસની ઉજવણી થઈ પરંતુ તે સાચા અર્થમાં યાદગાર હતી. સંસ્થાના સંચાલક અતુલભાઈ પટેલનું માનવું છે કે આધુનિક યુગમાં શિક્ષણના માધ્યમ, એના પરિણામ બધું બદલાવીએ, શિક્ષણમાં નવા આયામો દાખલ કરીએ એનો કાંઈ વાંધો નથી પરંતુ શિક્ષણને ફક્ત અક્ષરજ્ઞાન, શિક્ષણને ફક્ત માર્કશીટ સાથે જોડી દેવાની માનસિકતા આપણને ઉધ્વગતિ તરફ નહીં લઈ જાય તેનો સ્વીકાર કરવો પડશે. ભારતની શિક્ષા નીતિ કે શિક્ષણ પદ્ધતિની વાત કરીએ તો એને માત્ર ૧૦૦ વર્ષના ટૂંકા ગાળામાં ચર્ચી ન શકાય. આજે જે પણ કંઈ પ્રવૃત્તિ ક્લાસરૂમમાં ચાલે છે એના બીજા ૫૦ કે ૭૦ વર્ષ પહેલાં બીજ વવાયાં હશે. ૫૦ વર્ષ પહેલાં જે થતું એનું વાવેતર એ અગાઉના ૧૦૦ વર્ષ પહેલાં થયું હશે. સારા શિક્ષણના કારણે ભારતમાં તક્ષશિલા જેવાં નગરો ખ્યાતિ પામ્યાં હતાં તો નાલંદા જેવી વિદ્યાપીઠોએ તો ભારતીય શિક્ષણનું કાઠું કાઢ્યું એમ કહી શકાય. અનેક વાલીઓ જણાવી રહ્યા છે કે તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડમાં અમારા બાળકોને માત્ર શિક્ષણ એટલું મળ્યું છે તેવું નથી સારૂ ચારીત્ર્ય ઘડતર, દેશ-દુનિયાની કોઈપણ વ્યક્તિ સામે અમારૂ સંતાન યોગ્ય રીતે જવાબ આપી શકે તે પ્રકારનું ટેલેન્ટ પણ આપવામાં આવ્યું છે. સ્ફૂર્તિલા સ્ટાફથી અમારા સંતાનોએ તેજસ્વી કારકીર્દી બનાવી છે. માત્ર ૩૫ બાળકોથી શરૂ થયેલી શૈક્ષણિક સંસ્થા આજે ૨૦૦૦થી વધુ બાળકો ધરાવતી જિલ્લાની એકમાત્ર સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થા તરીકે ઉભરી આવી છે જે શિક્ષણનગરી બાયડની એક આગવી ઓળખ છે. સળંગ ૧૭ વર્ષથી ધો.૧૦માં ૧૦૦ ટકા પરિણામની સિદ્ધિ પણ સંસ્થાના કસાયેલા નેતૃત્વને આભારી છે. આવી બાયડ તથા પંથકના લોકોની પ્રથમ પસંદ શૈક્ષણિક સંસ્થા યશસ્વી ૨૨ વર્ષ પૂર્ણ કર્યા તે પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા કર્મયોગી સ્ટાફનું બહુમાન કરાયું તેની સોશ્યલ મીડીયા દ્વારા હજારો પ્રસંશકોએ નોંધ લીધી છે.